જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૧/૨૦૧૬ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૧/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી ૨૮૧ લીટર દેશી દારૂ, ૮૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧સ્કૂટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૨,૪૧૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૨/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૩૩/૧૬**

**સાબરમતીઃ** જયંતીભાઈ શંકરલાલ પટેલ (રહે. નારાયણી હિલ્સ ગણેશ સોપાનની સામે ચેનપુર ન્યુ રાણીપ) એ તા.૪/૧/૧૬ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી સંદિપભાઈ અરવિંદભાઈ બારોટ (રહે.શાંતીનીકેતન એપાર્ટમેન્ટ શ્યામ શિખરની પાછળ બાપુનગર) તા.૧૦/૪/૧૫ નારોજ જયંતીભાઈ પાસેથી હોન્ડા એમેજ ગાડી કિમત રૂપિયા ૬,૭૦,૦૦૦/- લઈ જઈ આજદીન સુધીના સમયગાળા દરમ્યાન નાણા નહી આપી કે ગાડી પરત નહી આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી એન સાધુ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૩૪/૧૬**

**એલીસબ્રીજઃ** લોકેશભાઈ અશોકભાઈ ધાઈ (રહે.આશ્રય ફ્લેટ અપોલો હોસ્પીટલ સામે આંબાવાડી) એ તા.૪/૧/૧૬ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૨/૧૫ રાતના ૧૦/૦૦ થી તા.૩/૧/૧૬ સાંજના ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૪૬,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૧,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી ડી વસાવા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૫/૧૬**

**દાણીલીમડાઃ** ગાયત્રીબહેન હિમ્મતભાઈ પરમાર (ઉ.વ.૨૭) (રહે.પરીક્ષીતલાલનગર બહેરામપુરા) એ કોઈ કારણસર તા.૩/૧/૧૬ રાતના ૯/૦૦ વાગ્યા પહેલાના સમયે પોતાના ઘરે છતની લોખંડની પાઈપ સાથે ચોયણી વડે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ એન પટેલ ચલાવે છે.

**ગુમ થવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૩૬/૧૬**

| | |
|---|---|
| **ચાંદખેડાઃ** આરજુબહેન નિતીનકુમાર ચૌહાણ (ઉ.વ.૧૯) (રહે.આનંદધામ સોસાયટી મુક્તિધામની બાજુમાં મોટેરા ચાંદખેડા) તા.૩૧/૧૨/૧૫ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. લીલા સફેદ રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. મોઢાના ભાગે ખીલના દાઘ છે. ઉંચાઈ ૫ ફુટ છે.(ચાંદખેડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૩૨૯૧૨૮૦) |  |
| **ચાંદખેડાઃ** ભારતીબહેન નર્મદાશંકર રાવલ (ઉ.વ.૫૦) (રહે. તેજેન્દ્રનગર વિભાગ-૭ ચાંદખેડા રેલવે સ્ટેશન આઈઓસી રોડ ચાંદખેડા) તા.૧૧/૧૨/૧૫ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. કેસરી રંગનો ડ્રેસ અને કોફી રંગનુ સ્વેટર પહેર્યુ છે. અસ્થીર મગજના છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે.(ચાંદખેડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૩૨૯૧૨૮૦) |  |
| **ઓઢવઃ** પ્રજ્ઞાબહેન પ્રતાપભાઈ પરમાર (ઉ.વ.૧૫) (રહે.ગરીબ આવાસ યોજનાના મકાન વેપારી મહામંડલની પાછળવિનોબાભાવેનગર સીંગરવા તાલુકો દસક્રોઈ) તા.૨૮/૧૨/૧૫ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. લીલા રંગનુ ફ્રોક અને આસમાની રંગનો પાયજામો પહેર્યો છે. (ઓઢવ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૭૧૦૯૧) |  |
| **સરદારનગરઃ** રીતુબહેન રાજેશભાઈ શર્મા (ઉ.વ.૧૮)(રહે.દેવલાલી બજાર કુબેરનગર સરદારનગર) તા.૧/૧/૧૬ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. કોફી રંગની ટી-શર્ટ ઉપર કાળા રંગની કોટી અને વાદળી રંગનુ જીન્સ પેન્ટ પહેર્યુ છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે.(સરદારનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૬૪૩૪૫) |  |
| **નારણપુરાઃ** નવમલભાઈ લાભુરામ જોષી (ઉ.વ.૫૫)(રહે.શીલાલેખ કોમ્પલેક્ષ અમીકુંજ ચાર રસ્તા નારણપુરા) તા.૧/૧૨/૧૫ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ રંગનુ શર્ટ અને લેંઘો પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ ૨ ઈંચ છે.(નારણપુરા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૬૪૪૯૪૯) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)